વંચાણે લીધા:

1) ભારત સરકારના ગૃહ મંત્રાલયના ઓર્ડરનં.૪૦-૩/૨૦૨૦-ડી.એમ-૧(એ), તા-૩૦/૦૯/૨૦૨૦ થી બહાર પાડેલ માર્ગદર્શિકા.
2) શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા-૧૩/૧૧/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક: કરનં/૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦/ખ-૧
3) શિક્ષણ વિભાગ,ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા-૧૮/૧૧/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક: મશબ/૧૨૨૦/૮૭૪
4) શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા.૦૭/૦૧/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક કરન/૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦/ખ-૧
5) શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા.૦૮/૦૧/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક મશબ/૧૨૨૦/૮૭૪/છ

...........................................................................................................

અજાક/ગ-૧/છાત્રાલય/૪/૨૦૨૦-૨૧/ ૨૪૮-૨૬૦

નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ
૪/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
તા-૦૮/૦૧/૨૦૨૧

પરિપત્ર :

વંચાણ(૧) થી લીધેલ માર્ગદર્શિકા મુજબ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ, ૨૦૦૫ હેઠળ દેશમાં COVID-19ના નિયંત્રણ માટે લોકડાઉનના પગલાને અનુસરીને શાળાઓ/કોલેજો ફરી શરૂ કરવા માટે ભારત સરકાર દ્વારા માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ જે મુજબ કન્ટેનમેન્ટ ઝોનની બહાર આવતી પ્રવૃતિઓમાં રાજ્યની તમામ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ, સરકારી તેમજ બિનસરકારી અનુદાનિત કોલેજો સહિત ઉચ્ચ શિક્ષણની તમામ કોલેજોના અંતિમ વર્ષના (સેમેસ્ટર-૫/૬) ના વિદ્યાર્થીઓ માટે વંચાણ (૨) અને (૩)થી તા.૨૩/૧૧/૨૦૨૦ થી પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય પુન: શરૂ કરવા ઠરાવેલ હતુ પરંતુ કોરોના મહામારીને કારને ઉદ્‌ભવેલ પરિસ્થિતિને ધ્યાને રાખી શાળા કોલેજ પુન:શરૂ કરવાનો નિર્ણય સ્થગિત રાખવામાં આવેલ હતો.

વંચાણ (૪) અને (૫)ના ઠરાવથી સરકારશ્રી દ્વારા માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨, યુનિવર્સિટીઓ/કોલેજોને તા.૧૧/૦૧/૨૦૨૧થી રી-ઓપન કરવા ઠરાવેલ છે તથા યુનિવર્સિટીઓ/કોલેજોના શૈક્ષણિક-બિન શૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓએ સદર ઠરાવ મુજબની SOP નું ચુસ્તપણે પાલન કરવા જણાવેલ છે. જેનો અમલ કરી

તા.૧૧/૦૧/૨૦૨૧ થી અત્રેના ખાતા હસ્તકની સરકારી છાત્રાલયો શરૂ કરવા જણાવવામાં આવે છે. તમામ સ્ટાફ તથા વિદ્યાર્થીઓએ શિક્ષણ વિભાગના સંદર્ભ દર્શિત ઠરાવ અને યુ.જી.સીની તા.૦૫/૧૧/૨૦૨૦ ની ગાઈડલાઈન મુજબ નીચેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧) પ્રથમ તબક્કામાં તમામ પી.જી. પી.એચ.ડી., એમ.ફીલ., વગેરે અભ્યાસક્રમો, મેડીકલ/પેરા મેડીકલના તમામ તથા અન્ય સ્નાતક અભ્યાસક્રમો (ટેકનિકલ/નોન ટેકનિકલ તમામ) ના ફક્ત આખરી વર્ષના તેમજ ધોરણ-૧૨ ના વિદ્યાર્થીઓને ભૌતિક શિક્ષણ આપવામાં આવશે તેના રીન્યુઅલ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે. આ બાબતે અન્ય કોઈ નિર્ણય લેવા માટે સંબધિત જિલ્લા નાયબ નિયામક/સમાજ કલ્યાણ અધિકારીશ્રી (અ.જા.) સ્વવિવેકાનુસાર નિર્ણય લઈ શકશે.

(૨) છાત્રાલયમાં વિદ્યાર્થીઓ વચ્ચે ઓછામાં ઓછું ૬ ફુટનું અંતર જાળવવાનું રહેશે તથા વિદ્યાર્થીઓ વચ્ચે સામાજિક અંતર જળવાય તે રીતે અલગ-અલગ રાખવાની વ્યવસ્થા કરવાની રહેશે.

(૩) જે હોસ્ટેલમાં કોવિડ સેન્ટરો ચાલુ હોઈ તે અંગે આરોગ્ય વિભાગના પરામર્શમાં રહી યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

(૪) વિદ્યાર્થીઓ તેમજ તમામ કર્મચારીઓએ ફેસ માસ્ક ફરજિયાત પહેરવાનુ રહેશે અને સતત મોનિટરિંગ દ્વારા કોઈપણ સંક્રમિત અથવા લક્ષણ ધરાવતા વિદ્યાર્થી/કર્મચારીઓ છાત્રાલય સંકુલમાં ન પ્રવેશે તેની કાળજી સંબધિત સત્તાધિકારીઓએ લેવાની રહેશે.

(૫) કન્ટેનમેન્ટ ઝોનમાં રહેતા હોય અથવા પરિવારમાં કોરોના સંક્રમિત કોઇ વ્યકિત હોય તેવા વિદ્યાર્થી કે સ્ટાફ કોઈપણ વ્યકિત છાત્રાલયમાં હાજર રહી શકશે નહી. કન્ટેનમેન્ટ ઝોનમાં છાત્રાલય આવેલી હોય તો છાત્રાલય ખોલી શકાશે નહી.

(૬) છાત્રાલય રસોડા વિભાગના સ્ટાફ, અન્ય કર્મચારી અને સફાઈ કામદારોએ ફરજિયાત ટેસ્ટ કરવાનો રહેશે.

(૭) સરકારી છાત્રાલયમાં હાલ એક રૂમમાં એક જ વિદ્યાર્થી રહી શકશે હોસ્ટેલ માટેની માર્ગદર્શિકાનુ સંપૂર્ણ રીતે પાલન કરવાનુ રહેશે.

(૮) પ્રથમ દિવસે હોસ્ટેલમાં આવનાર વિદ્યાર્થીઓને મદદનીશ સમાજ કલ્યાણ અધિકારીશ્રીએ સ્વાગત કરવાનું રહેશે તથા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન રૂપે Welcome - Kit આપવાની રહેશે. આ

Welcome - Kit [illegible]

રહેશે.

**ભારત સરકાર/યુ.જી.સીની ગાઈડલાઈન્સ મુજબ છાત્રાલયમાં રહેઠાણ અંગે નીચે મુજબ જરૂરી સુચનો પાલન કરવાના રહેશે.**

- વિદ્યાર્થીઓની પથારીઓ માટે ઓછામાં ઓછું ૬ ફુટનું અંતર જાળવવાનું રહેશે. વિદ્યાર્થીઓને અલગ-અલગ રાખવાની વ્યવસ્થા કરવાની રહેશે.
- છાત્રાલયમાં દરેક સમયે સામાજિક/શારીરિક અંતર ફરજિયાત પણે જળવાવું જોઈએ.
- મહત્વના સ્થળોએ સંકેતો અને સંદેશાઓ દર્શાવવા મહત્વપુર્ણ છે.
- જે વિદ્યાર્થીઓને ઘરે ઓનલાઈન શિક્ષણની કોઈ વ્યવસ્થા નથી અને કોઈપણ મદદ મળતી નથી તેઓને છાત્રાલયમાં પાછા આવવા માટે પ્રાથમિકતા આપી બોલાવવાના રહેશે.
- છાત્રાલય રહેઠાણની વ્યવસ્થા અનુસાર ઉચ્ચ કક્ષાના અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પહેલા બોલાવવાના રહેશે.
- વિદ્યાર્થી છાત્રાલયમાં પ્રવેશે એ પહેલા તેઓનું તમામ રીતે સ્ક્રીનિંગ કરવાનું રહેશે. જેઓને રોગના ચિન્હો ન હોય તેમને જ રહેવા માટે મંજુરી આપવાની રહેશે.
- છાત્રાલયમાં પરિચિત સ્વસ્થ આરોગ્ય ધરાવતા જરુરી કર્મચારી સિવાય તમામ વ્યકિત માટે પ્રવેશ નિષેધ રહેશે.
- છાત્રાલયની નિયમિત પણે સફાઈ કરાવવાની રહેશે અને સંપુર્ણ કેમ્પસને યોગ્ય રીતે સેનેટાઈઝ કરાવવાનું રહેશે.
- જરૂરી પ્રમાણમાં સાબુ, સેનેટાઈઝર, માસ્ક અને થર્મલગનની વ્યવસ્થા કરવાની રહેશે.
- દરેક વિદ્યાર્થીઓ અને વાલીઓ પાસેથી જરૂરી સંમતિ પત્રક મેળવવાના રહેશે વાલીઓની સંમતિપત્ર વગર છાત્રાલયમાં પ્રવેશ આપી શકાશે નહી.
- છાત્રાલયમાં કામ કરતા રસોયા/સહાયક કામ કરતા પહેલા પોતાની અને પરિવારના સભ્યોની આરોગ્ય ચકાસણી કરાવવાની રહેશે અને તે અંગેની બાંહેધરી આપવાની રહેશે.
- છાત્રાલયમાં સફાઈ, ધોવા, સમારવા, રાંધવા અને ભોજન પીરસતી વખતે રસોડા કોન્ટ્રાકટરે માસ્ક ફરજિયાત પહેરવાનું રહેશે.
- દરરોજ રસોડાની અને ભોજનાલયની જંતુરહિત સવાર સાંજ સફાઈ કરાવવાની રહેશે.
- પીવાના પાણીની અને હાથ ધોવાની જગ્યાએ કોઈ પણ પ્રકારની ગંદકી ન થાય તેની તકેદારી રાખવાની રહેશે.

- સરકારશ્રીની માર્ગદર્શિકા અનુસાર સૂચનાઓને ધ્યાને રાખી વાલીઓ/વિદ્યાર્થીઓને COVID-19 અંતર્ગત જરૂરી માર્ગદર્શન આપવાનું રહેશે.
- આ તમામ કાર્યવાહી ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ SOP/ માર્ગદર્શિકાની ગાઈડલાઈનને અનુસરીને કરવાની રહેશે. (www.education.gov.in) પર માર્ગદર્શિકા ઉપલબ્ધ છે.) તેમજ આ સાથે સામેલ સરકારી છાત્રાલયોની SOP નું પણ અમલીકરણ કરવાનું રહેશે.

સરકારશ્રી તરફથી વખતો વખત જે પણ સૂચનાઓ બહાર પાડવામાં આવે તે તમામનું પાલન કરવાનું રહેશે. ઉકત સૂચનાઓ અંગે છાત્રાલય દ્વારા કરવામાં આવેલ જરૂરી આયોજનની નકલ સંબધિત જિલ્લાના નાયબ નિયામકશ્રી/સમાજ કલ્યાણ અધિકારીશ્રી(હોસ્ટેલ) મારફત અત્રે મોકલી આપવાની રહેશે. છાત્રાલયનો દૈનિક અહેવાલ અને પરિસ્થિતિજન્ય બાબત અંગે સંબધિત છાત્રાલયના મ.સ.ક.અ.શ્રીએ જિલ્લાના સમાજ કલ્યાણ અધિકારીશ્રી(હોસ્ટેલ)/નાયબ નિયામકશ્રી(અનુ.જાતિ)ના સતત પરામર્શમાં રહેવાનું રહેશે અને છાત્રાલય શરૂ કર્યા બાદ નિયામકશ્રી. અનુસૂચિત જાતિ કલ્યાણને અહેવાલ મોકલી આપવાનો રહેશે.

બિડાણ : ઉપર મુજબ

નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

પ્રતિ

૧) નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ(તમામ)....................જિ....................
જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂં.

૨) સમાજ કલ્યાણ અધિકારીશ્રી, (હોસ્ટેલ)....................જિ....................

૩) મદદનીશ સમાજ કલ્યાણ અધિકારીશ્રી સરકારી કુમાર/કન્યા છાત્રાલય....................જિ....................

નકલ સવિનય રવાના:

અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગાંધીનગર તરફ જાણ સારૂં.

# સરકારી છાત્રાલય માટે વાલીનું સંમતીપત્ર

વાલી/માતા-પિતાનું નામ

.............................................

સરનામું-.....................................

મો.નં.........................................

તા.........................................

પ્રતિ.

મદદનીશ સમાજ કલ્યાણ અધિકારીશ્રી,

સરકારી છાત્રાલય (અનુ.જાતિ), ..................

જિ. ..................................

વિષયઃ- મારા પાલ્ય/પુત્ર/પુત્રીને છાત્રાલયમાં મોકલવા અંગે સંમતિ આપવા બાબત.

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે કોવિડ-૧૯ની હાલની પરિસ્થિતિમાં સરકારશ્રી દ્વારા નિયત કરવામાં આવેલ S.O.P.(સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીજર)નું પાલન કરવાની શરતે શાળા/કોલેજોમાં પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય શરૂ કરવાનો નિર્ણય સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ છે.મારો પાલ્ય/પુત્ર/પુત્રીને...................................................................... આપની સરકારી છાત્રાલયમાં રહી અન્ય શાળા/કોલેજમાં અભ્યાસ કરે છે. મેં S.O.P.માં દર્શાવેલ માતા/પિતા/વાલીની ભૂમિકાની વિગતો વાંચેલ છે. મારા પાલ્ય/પુત્ર/પુત્રીને શાળા/કોલેજના પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય માટે આપની સરકારી છાત્રાલયમાં મોકલવાની હું સંમતિ આપું છું. મારા પાલ્ય/પુત્ર/પુત્રી દ્વારા સરકારી છાત્રાલય રહેઠાણ દરમ્યાન સરકારશ્રીની S.O.P. તેમજ કોવિડ-૧૯ અંગેની ગાઇડલાઇન્સનું પાલન કરવામાં આવશે તેની હું બાંહેધરી આપું છું. મારા પાલ્ય/પુત્ર/પુત્રી છાત્રાલયમાં માસ્ક પહેરીને આવશે. અને છાત્રાલયમાં રહેઠાણ દરમિયાન પોતાની અંગત વપરાશનું વસ્તુઓ લઇને આવે અને છાત્રાલયમાં અન્ય વિદ્યાર્થીઓ સાથે તેની આપ લે ન કરે તે અંગે તેમને અમોએ સમજ આપેલ છે. મારા પરિવારમાં કોઇ વ્યક્તિ કોરોના સંક્રમિત હશે તો તેમજ મારૂ નિવાસ સ્થાન કન્ટેન્મેન્ટ ઝોનમાં આવતું હશે તો હું મારા પાલ્ય/પુત્ર/પુત્રીને છાત્રાલયમાં નહી મોકલું તેમજ છાત્રાલય શરૂ થાય ત્યારે છાત્રાલયમાં મોકલતા પહેલા તેની આરોગ્યની ચકાસણી કરી છાત્રાલયમાં મોકલવાની ખાત્રી આપું છું.

આપનો વિશ્વાસુ

(સહી)

(નામ)